॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે ॥

# શ્રી વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રમ્ નો મહિમા

શ્રીમદ્ ભગવદ્ગીતા ભગવાને સ્વમુખે કહેલી અને તેમના હૃદય સમી છે તો વિષ્ણુસહસ્ત્રનામસ્તોત્ર જાણે ભગવાને પોતાના વક્ષઃસ્થલ પર ધારણ કરેલો કૌસ્તુભ મણિ છે.

વિષ્ણુર્દિવ્યસહસ્ત્રનામ એ રીતે આપણા હૃદયના અંતઃસ્તલમાં કૌસ્તુભ મણિના કિરણો ફેલાવી આત્મજ્યોતિ હસ્તગત કરાવી આપનાર અમૂલ્ય સાધન છે. મહાભારતના 'અનુશાસન પર્વના' ૧૪૯માં અધ્યાયમાં ભગવાન વિષ્ણુના સહસ્ત્રનામોનું નિરૂપણ છે. પૂર્વભૂમિકા એવી છે કે મહાભારતના ઘોરયુદ્ધમાં થયેલ મહાસંહારને કારણે યુધિષ્ઠિર દારૂણ શોકથી ઘેરાઈ ગયા છે. એમના ચિત્તને કોઈ રીતે શાંતિ વળતી નથી. આવી શોકગ્રસ્ત સ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણ તેમને બાણશય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહ પાસે લઈ જાય છે. ભીષ્મ તેમને શોક રહિત થવા સમજાવે છે. તે સમયે યુધિષ્ઠિર તેમને પ્રશ્ન પૂછે છે.

જગતમાં કોણ ઉત્તમ દેવ છે ? અને ઉત્તમ આશ્રય રૂપ શું છે ? કોની કોની સ્તુતિ અને અર્ચન કરનારા માનવો કલ્યાણ પામે છે ? સર્વ ધર્મોમાં ઉત્તમ ધર્મ કયો ગણાય છે ? અને કોનો જપ કરવાથી જીવ જન્મ-મરણ રૂપ સંસારના બંધનમાંથી છુટે છે ?

યુધિષ્ઠિરને આ બધા પ્રશ્નોના ઉત્તરમાં પિતામહ ભીષ્મ બાણશય્યા પર સુતા સુતા પાપના ભયને હરનાર ભગવાન વિષ્ણુના સહસ્ત્રનામ સંભળાવે છે તે જ આ વિષ્ણુસહસ્ત્રનામ. આ સ્તોત્રનો પ્રાદુભાવ બાણશૈય્યાની અસહ્ય પીડાની ક્ષણોમાં પણ આત્માનુભૂતિની પરમ શાંતિની સાહજિક્તામાં થયેલો હોવાથી એનું અનુષ્ઠાન કરનારને અથવા નિત્ય નિયમથી પાઠ કરનારને સંસારની શરશૈયાની પીડામાં પણ સામાજિક, વ્યાવહારિક, માનસિક, આર્થિક, પારિવારિક અને સાંસારિક શાન્તિ, સ્થિરતા અને સાહજિક્તાની શક્તિ આપે છે, ટૂંકમાં દૈહિક, દૈવિક, ભૌતિક તાપો દૂર કરે છે અને પ્રત્યેક ઉપાસકને ફળદાયી નીવડે છે. સુસ્વરે-શુદ્ધ ઉચ્ચારે કરેલ પાઠથી પ્રાણાયમ પણ થઈ જાય છે.

ભગવદ્ નામથી અસહ્ય પીડા સહ્ય બનાવી શકાય છે. એટલું જ નહીં પણ ભગવદ્ ગુણાનુગાનથી પરમ શાંતિ અને આનંદનો અનુભવ કરી અને કરાવી શકાય છે એવું એમને પોતાના અનોખા આચરણ દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે.

વિષ્ણુસહસ્ત્રનામ જપ સ્તોત્ર છે. નામ જપથી નામી જાગ્રત થાય છે. સૌથી મહત્ત્વની વાત બહિર્મુખ વૃત્તિને અંતર્મુખ કરવાની છે. અને તેમાં નામ સ્મરણ ઘણું સહાયરૂપ થાય છે. અંતર્મુખતા એ સાધનાનું પ્રથમ પગથિયું છે.

ભગવદ્ તત્ત્વનું નામ સ્મરણ કરતી વેળા નામનું અર્થ રહસ્ય જાણવું અનિવાર્ય ખરૂં ? નામની પાછળ જે ભાવદર્શન અને પરમાત્માની લીલા પ્રગટ-અપ્રગટ પણે રહ્યા કરે છે તે જાણતા હોઈએ તો નામ સ્મરણ કરતી વેળા વિશેષ આનંદ થાય, મન ખીલે બંધાય અને કાળાંતરે નામી સાથે એકરૂપતા સધાય પરંતુ સિદ્ધ સંતોમાંના પૂ. આનન્દમયી માને કોઈએ પ્રશ્ન કરતાં માતાજીએ જવાબમાં કહેલું, ''જેનું નામ બોલો છો તેજ જે તે નામનો અર્થ જાણે છે તમે બસ જપ કર્યે જાઓ.''

શ્રીમદ્ ભાગવતે તો અજાણતા ભગવાનનું નામ લેવાય તેમાં પણ મોટો મહિમા કહ્યો છે. અજામિલની કથા સર્વ વિદિત છે. તેના પુત્રનું નામ નારાયણ હતું અંતિમ શ્વાસમાં તેને નારાયણ નારાયણ કરી પુત્રને બોલાવવા બુમ પાડેલી અને વિષ્ણુદૂતો-યમદૂતો બન્ને પહોંચ્યા અને તેને મુક્તિ મળી.

નામ સંકીર્તનનો મહિમા જણાવતા કહ્યું છે કે જેવી રીતે લાકડું અગ્નિમાં પડતા બળીને ભસ્મ થઈ જાય છે તેવી રીતે જાણે અજાણે ભગવન્નામ સંકીર્તન કરવાથી મનુષ્યના સઘળા પાપ ભસ્મીભૂત થઈ જાય છે. વિષ્ણુસહસ્ત્રનામમાં આવતાં કેટલાય નામો ચારેય વેદોમાં જોવા મળે છે. વિષ્ણુસહસ્ત્રનામ જપયજ્ઞ છે. યજ્ઞ એ ભગવાનનું સ્વરૂપ છે અને વેદોમાં ભગવાન વિષ્ણુને સ્વયં યજ્ઞસ્વરૂપ કહ્યાં છે.

કલિ સંતારણ ઉપનિષદમાં દેવર્ષિ નારદે બ્રહ્માને કલિયુગમાં સંસાર સાગર તરવાનો ઉપાય પૂછ્યો તેના જવાબમાં બ્રહ્માજીએ કહ્યું કે ''આદિપુરુષ ભગવાન નારાયણના નામોચ્ચારણથી પુરુષ કલિના સર્વ દોષોથી મુક્ત થાય છે પરમાત્માના નામોનું સ્મરણ જીવાત્માના અજ્ઞાનરૂપી આવરણને દૂર કરે છે.'' નામ સ્મરણનું સ્વાભાવિક પરિણામ ચિત્તશુદ્ધિ છે. જળ જેમ ગમે તેવા મેલને ધોઈ નાખે છે તેમ નામ સ્મરણ કરનારનો આંતરિક મેલ દૂર થઈ જાય છે. અને ભયમાત્ર દૂર થાય છે. આયુર્વેદના મહાન ગ્રંથ ચરક સંહિતામાં વિષ્ણુસહસ્ત્રનામ ગમે તેવા તાવને દૂર કરવાનો અમોઘ ઉપાય છે એમ કહ્યું છે.

નામ સંકીર્તનનો જીહ્વા સાથે સંબંધ છે, જીભ ઉપર ભગવન્નામ આવીને બેસે છે, વસે છે, પછી ભગવાનને ત્યાં આવીને બેસવાનું મન થાય છે. કોઈ સંત અથવા ભક્ત એવા થયા નથી જેને આત્મકલ્યાણ કરવા અર્થે પ્રથમ ભગવન્નામનો આશ્રય લીધો ન હોય તેમ પૂ. ડોંગરેજી મહારાજનું કહેવું છે.

ગીતાજીમાં ભગવાને કહ્યું છે **'યજ્ઞાનાં જપ યજ્ઞોસ્મિ'**

યોગ વાસિષ્ઠમાં પણ કહ્યું છે,

**જપાત્ સિદ્ધિ જપાત્ સિદ્ધિ । સિદ્ધ ભવતિ પ્રયત્નતઃ ।**

પૂ. યોગિરાજ લક્ષ્મણદાસજી મહારાજે પણ કલિયુગની મહત્તા દર્શાવતા કહ્યું છે :

**સતજુગ મે હમ જોગ લીયા ને ત્રેતા તપસા મેરી**

**દ્વાપુર કિન્હા ધ્યાન સમાધિ, કલજુગ માલા ફેરી**

**સદ્‌ગુરુ સંતરામ મહારાજ દયા કરી ઉતારો ભવપાર**

અને સાચી વાત છે યજ્ઞ ઈત્યાદિ વાતાવરણ વસ્તુ પદાર્થની શુદ્ધિ પવિત્રતા આ ભેળસેળીયા યુગમાં ક્યાંથી શક્ય બને.

ભગવાન શંકરાચાર્યે તેમના ચર્પટ પંજરિકા સ્તોત્રમાં કહ્યું છે કે :

**ગેયં ગીતા નામ સહસ્ત્રં ધ્યેયં શ્રીપતિ રૂપમજસ્ત્રમ્ ।**

**નેયં સજ્જન સંગે ચિત્તમ્ દેયં દીન જનાયજ વિત્તમ્ ॥**

અર્થાત્ ગાવું તો ગીતા અને વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રમ્, ધ્યાન ધરવું તો લક્ષ્મીપતિ વિષ્ણુનું, ચિત્તને ક્યાં નિયોજવું તો સજ્જન લોકોના સંગમાં, અને આપવું શું ? તો કહે ગરીબોને ધન. આમ ગેય અને ધ્યેય, ગાવું અને ધ્યાન ધરવું એ બન્ને અંતઃઆકાશમાં ઉડવાની પાંખો છે. આમ વિષ્ણુસહસ્ત્રનામનો પાઠ આપણને તેમાં રહેલા ચૈતન્યને પામવા માટે આંખો અને પાંખો બન્ને આપે છે.

પુરાણો એ તો એટલી હદ સુધી કહ્યું છે કે, ભગવન્નામમાં એટલું સામર્થ્ય છે કે પાપીએ કરેલા પાપ પણ ત્યાં ભસ્મીભૂત થઈ જાય છે.

અનુસ્મૃતિ કહે છે નામ સ્મરણમાં પાપ નાશ કરવાની જેટલી શક્તિ છે તેટલી શક્તિ પાપ કરનાર પાપી ચાંડાલમાં પણ નથી. રામાયણમાં તુલસીદાસજીએ નામ માહાત્મ્યના ખૂબ ઉદાહરણ આપ્યા છે : દા.ત.

**ઉલટા નામ જપત જગ જાના । વાલ્મિકી ભયે બ્રહ્મ સમાના ॥**

**ભાવ કુભાવ અનખ આલસહું । નામ જપત મંગલ દિશિ દશહું ॥**

**યહ કલિકાલ ન સાધન દુજા । રામનામ અવલંબન એકા ॥**

આવા નામ જપ સ્તોત્રનું અનુષ્ઠાન કરવાની તક ગુરુ મહારાજે ભાવિક ભક્તસમુદાયને આપેલ છે. નવ નિર્માણ પામેલ સમાધિસ્થાનના પ્રથમ માળે શ્રી વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રમ્‌નો અખંડ પાઠ ચોવિસ કલાક ચાલે છે. ભાવિક ભક્તો તેમની અનુકૂળતાએ નિયમથી દરરોજ એક પાઠ અથવા એક કલાક અખંડ પાઠમાં પૂ. મહારાજશ્રીની સમાધિ સન્મુખ બેસી પાઠ કરીને જીવન સફળ બનાવે એ જ અભ્યર્થના.....

**તા. ૩૧-૧-૧૯૯૯ એટલે સંવત ૨૦૫૫, માઘપૂર્ણિમા મહોત્સવ દિન સવારનાં ૮-૩૦ કલાકે સમાધિસ્થાનનાં ઉપરનાં મજલે બ્રહ્મલીન પ. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રીનાં સ્વર સાનિધ્યમાં દ્વાદશ વર્ષીય અખંડ શ્રી વિષ્ણુસહસ્ત્રનામ્ સ્તોત્ર પાઠનો મંગલ પ્રારંભ થયેલ.**

**આ દ્વાદશ વર્ષીય અખંડ શ્રી વિષ્ણુસહસ્ત્રનામ્ સ્તોત્ર પાઠનાં સંકલ્પની પૂર્ણાહુતી નિમીત્તે ફેબ્રુઆરી ૧૮, ૨૦૧૧ મહાપૂર્ણિમા સંવત ૨૦૬૭ નાં રોજ વર્તમાન મહંત પ. પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રી રામદાસજી મહારાજશ્રીની પ્રેરણા, શુભાશિર્વાદ સહ વિવિધ જ્ઞાનસત્રો, ધર્મ સત્રો, રામાયણ, અખંડ નામ સંર્કીતન અને આધ્યાત્મિક સંતવૃંદોનાં પ્રવચન-દર્શન, કથા, સત્સંગનું વિવિધ આયોજન હાથ ધરવામાં આવનાર છે.**

॥ જય મહારાજ ॥